# Fun with Family

Day-19 | 17 April, 2020





એક રૂમથી બીજે રૂમ, જઈ જઈને હું થાક્યો...
ફ્રિજ ખોલું, ડબ્બા ખોલું, ખાઈ ખાઈને હું ધરાયો...
શું કરું? શું કરું? બુદ્ધિ કસીને કર્યો વિચાર...
ચાલો કંઈક નવું શીખીએ, સાથે બેસીને પરિવાર...



## “પ્રભુને પ્રાર્થના”



https://bit.ly/3bg6IeM

વર્તમાન બિમારીની મુશ્કેલીમાંથી આખા વિશ્વની રક્ષા ભગવાન કરે તે માટે આજે પ્રાર્થના કરીશું... લીંક દબાવો અને પ્રાર્થનામાં જોડાઓ.





## “ક્વીઝ હાજર છે”

જોઈએ...
આજે કોને
પૂરા માર્કસ
આવે છે...

https://bit.ly/2RYVXpJ | Guj.

https://bit.ly/2Vsi9Jq | Hin.

https://bit.ly/3erehRD | Eng.

# "ગુરુહરિ દર્શન"




અહીં સ્વામીશ્રીનો ફોટો આપ્યો છે...
તે ધ્યાનથી જુઓ અને ત્યારબાદ
લીંક દબાવી ક્વીઝમાં ભાગ લો...
પણ દર્શન ધ્યાનથી કર્યા હશે તો
જ જવાબ આપી શકશો...



https://bit.ly/3cihmBI


## ''મમ્મીને મદદ''



થઈ જાઓ તૈયાર સૌના પ્યારા 'સફાઈ સેવકો'...!! અને આજે આપણે ઘરની ઈલેક્ટ્રોનીક વસ્તુઓ સાફ કરવાની છે. દા.ત. Oven, Washing Machine, T.V. વગેરે... પણ હા... સાચવીને કરજો.


## ''પ્રભુ ભક્તિ શીખીએ''

બાળમિત્રો, આજે બપોરે અને રાત્રે ઠાકોરજીનો થાળ આપણે તૈયાર કરીશું અને ધરાવીશું... પણ એ તો શીખી લો કે થાળમાં કઈ વસ્તુ ક્યાં મૂકાય ?



## "સલાડ King"





બાળમિત્રો, આજે આપણે સલાડની ડીશ તૈયાર કરતા શીખીશું... જોઈએ તમારામાંથી કોણ સૌથી સરસ સલાડની ડીશ ઠાકોરજી માટે બનાવે છે... લીંક દબાવો અને શીખો...

https://bit.ly/3cl8KKL

## "નવા નવા શબ્દો શીખીએ"

આજે આપણે થોડા ગુજરાતી શબ્દો જોઈશું અને તે ગુજરાતી શબ્દોનું અંગ્રેજી શું થાય છે? એ પણ શીખીશું. અહીં જે શબ્દો આપ્યા છે તે મોઢે કરી લેજો...

| | |
|---|---|
| **આકાશ** - Ãkãsh - Sky | **ખેતર** – Khetar – Farm |
| **વાદળ** - Vãdal - Clouds | **ખેડૂત** – Khedut- Farmer |
| **વરસાદ** - Varsãd - Rain | **કપાસ** – Kapãs- Cotton plant |
| **બગીચો** - Bagicho - Garden | **લીમડો** – Limdo- Neem tree |
| **ફૂલ** - Phool - Flower | **આંબો** – Ãmbo - Mango tree |
| **ગુલાબ** - Gulab - Rose | **કૂવો** – Kuvo- Well |
| **છોડ** - Chhod - Plant | **સીંચાઇ** – Sinchãy- irrigation |
| **ઝાડ** - Jhãd- Tree | **નહેર** – Naher- Canal |
| **આંગણ** - Ãngan - Compound | **તલાવ** – Talãv- Pond |
| **રસ્તો** - Rasto - Road | **મજૂર** – Majur - Labourer |



## "આપણા સંચાલક મિત્ર"



બાળમિત્રો, ઘણા દિવસથી આપણા મંડળ સંચાલક ને નથી જોયા ને...?!! ચાલો, હવે આપણી બાળસભાના મંડળ સંચાલક જોડે Video Calling કરીએ અને તેમની તબિયત પૂછીએ...

## "Wow... Puzzle"

બાળમિત્રો, નીચે પાંચ નાના ચોરસ ખાનામાં જે ચિત્ર છે... તે જ ચિત્ર સંપૂર્ણ મૂર્તિની કઇ આડી અને ઉભી હરોળમાં આવે છે..?? તે તમારે લખવાનું છે... ખાનાનું નામ તેની હરોળના નામ પરથી લખાશે...

દા.ત. A1, C5






........... ........... ........... ........... ...........

## “સાકરતુલા મહોત્સવ”

બાળમિત્રો, ચાલો આજે ઠાકોરજીની સાકરતુલા કરીએ... અહીં આપેલી લીંક દબાવો અને ત્રાજવું બનાવતા શીખો... અને ત્યારબાદ ઘરના બધા સભ્યો મળીને ઠાકોરજીની સાકરતુલા કરીશું...





https://bit.ly/2Keyw7a

## “મને પકડી રાખજો”



લઈ લો હાથમાં ઓશીકા...
અને દબાવો લીંક...
જોઈએ આજની રમતમાં
કોણ જીતે છે...?!?!



https://bit.ly/2xClmOJ

## “પારિવારીક રમત”



હજુ એક રમત રમવા
થઈ જાવ તૈયાર...!!!
તો દબાવો લીંક અને શીખી
લો નવી રમત...



https://bit.ly/2Vf2rTm

# ''સ્વામીશ્રીની નિત્યપૂજા''

Friends, આજે આપણે List બનાવવાનું છે કે...
સ્વામીશ્રી નિત્યપૂજા દરમિયાન કઈ કઈ વિધી કરે છે...
લીંક દબાવો અને પૂજા દર્શન કરો અને પરિવારના બધા સભ્યો મળી
સ્વામીશ્રીની નિત્યપૂજાવિધીની નોંધ કરો...

https://bit.ly/2RGBQfA



# FWF Challenge

બાળમિત્રો,

આપ પણ FWF challenge માં ભાગ લઈ શકો છો...
આપની જે બેસ્ટ ટેલેન્ટ હોય કે જેનાથી આપ
આ ચેલેન્જમાં પહેલો નંબર લાવી શકો...
દા.ત. Magic show, મિમિક્રી, Acrobatic show...
તે ટેલેન્ટનો વિડિયો પાડી અમને
૯૯૯૮૯૯૯૨૦૯ પર જલ્દી મોકલી આપો...
તે વિડિયોમાં આપનું નામ, શહેરનું નામ અને
આપનો ફોન નંબર અવશ્ય લખશો.

# “Best Drawings”

બાળમિત્રો, આપ સૌને સ્વામીશ્રીએ દોરેલું એક ચિત્ર દોરી તેમાં
કલર કરવાની ચેલેન્જ આપવામાં આવી હતી;
જેમાં આપ સૌએ ખૂબ જ સુંદર કલર કરી ચિત્રો મોકલ્યા છે.
સૌને ખૂબ ખૂબ અભિનંદન... તેમાંથી થોડા selected ચિત્રો અહીં
આપની સમક્ષ મૂકીએ છીએ...






































Fun with Family


## Story Time




કુરુક્ષેત્રમાં કૌટિલ્ય નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને સુકર્મા નામે પુત્ર હતો. સુકર્મા પોતાનાં માતા-પિતાની ખૂબ સેવા કરતો હતો. માતા-પિતા સુકર્માને આશીર્વાદ આપતાં, 'બેટા! સુખી થજે. ખૂબ સારો અભ્યાસ કરજે. ને મોટો વિદ્વાન બનજે.' આમ, મા-બાપની સેવા અને આશિષથી સુકર્મા ભણી-ગણીને મોટો પંડિત બન્યો.

તે અરસામાં એક બીજો બ્રાહ્મણ પિપ્પલાદ પણ હતો. તેણે કઠોર તપ કરી, બ્રહ્માજીને પ્રસન્ન કર્યા. બ્રહ્માજીએ તેને કહ્યું, 'વત્સ! મનગમતું વરદાન માગ.' પિપ્પલાદે માગ્યું, 'હે બ્રહ્માજી ! મને એવું વરદાન આપો કે, હું ધારું તેને મારા વશમાં કરી શકું. હું મોટો જ્ઞાની અને પંડિત કહેવાઉં.' પરંતુ વરદાન મેળવીને પિપ્પલાદ ખૂબ અભિમાની બની ગયો.






એક દિવસ પિપ્પલાદ ઝાડ નીચે આરામ કરતો હતો. ત્યાં ઝાડ પર એક કાગડો મોટેમોટેથી 'કા.. કા..' કરવા લાગ્યો. પિપ્પલાદે કાગડાને ધમકાવ્યો, 'અરે ઓ મૂર્ખ કાગડા ! ચાલ ભાગી જા અહીંથી...! તું જાણતો નથી કે હું એક મહાન પંડિત છું?' ત્યાં કાગડો બોલ્યો, 'અરે ઓ અભિમાની પિપ્પલાદ ! સુકર્મા તારા કરતાં પણ મોટો પંડિત છે.' આવું સાંભળી પિપ્પલાદને તો બસ સુકર્માને મળવાની તાલાવેલી લાગી.

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**


આખરે શોધતો-શોધતો પિપ્પલાદ સુકર્મા પાસે આવી પહોંચ્યો. સુકર્માએ તેને આવકાર આપતાં કહ્યું, 'આવો આવો પિપ્પલાદ પંડિત! હું જાણું છું કે આપે મોટી તપસ્યા કરી છે. બ્રહ્માજીને પ્રસન્ન કર્યા છે. અને પેલા કાગડાની વાત સાંભળી અહીં આવ્યા છો.' આ સાંભળી પિપ્પલાદ તો આભો જ બની ગયો. 'ખરેખર સુકર્મા મહાન છે !' તે વાત તેના ગળે ઊતરી ગઈ.





નવાઈ સાથે તેણે સુકર્માને પૂછ્યું, 'હે સુકર્મા ! આપે કયા દેવની સાધના કરી છે ? આપે તેમને પ્રસન્ન કરવા કેટલાં વર્ષ તપ કર્યું છે ? જેથી આપને આવું જ્ઞાન પ્રાપ્ત થયું છે ?' સુકર્મા પિપ્પલાદને કંઈ બોલ્યા વગર ઘરમાં લઈ ગયો. તેનાં માતા-પિતાને બતાવતાં કહ્યું, 'હું મારાં માતા-પિતાને દેવ સમાન માનું છું. તેમની સાચા હૃદયથી સેવાચાકરી કરું છું. તેમની સેવા અને આશીર્વાદથી હું વિદ્વાન બન્યો છું. '

'માતૃદેવો ભવ ! પિતૃદેવો ભવ !' પિપ્પલાદના મુખમાંથી શબ્દો સરી પડ્યા. 'ખરેખર મા-બાપ કેટલાં મહાન છે !' આ સત્ય જાણી પિપ્પલાદ ધન્ય થઈ ગયો. તે સુકર્માનાં ચરણોમાં નમી પડ્યો. ગદ્‌ગદ કંઠે બોલ્યો, 'સુકર્મા! સાચે જ મારા વર્ષોના તપ કરતાં તારી માતા-પિતા પ્રત્યેની સેવા-ભક્તિ મહાન છે ! '




**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**


# Saved by a Thorn



In one town there was a large gang of thieves. Every day they would go out and steal from the locals. However, one of the thieves would regularly go to the mandir to listen to the katha.

Once, while on way to the mandir, his foot was pricked by a thorn. It became red and swollen, and so, that night he was not able to join his friends in their nightly looting of the town.






His friends went on without him and that night they successfully broke into the king's vault. All escaped with a large pile of gold.


**Friends, today you have to prepare this story and present it to the parents.**

The family of the thief were really mad that they didn't get the huge sums of gold like the rest of the gang. They scolded him that because he went to the mandir he was hurt and so could not join his friends, "You had to sit here and we didn't even get a single penny!"





Meanwhile, the king's guards arrived. They had tracked the robbers down and collected all of them for jail. Even the injured thief was rounded up.



However, the sadhu from the mandir stood up as a witness and said that the thief had been hurt by a thorn and had not been part of the gang that robbed the king's vault. They let him go and took the rest to the dungeons.

Moral: The thief was saved from the dungeons of the king and only had to suffer the pain of a small thorn prick because he spent time in the good company of the mandir and sadhus. God reduces the pains of death to a thorn prick for those who sincerely keep good company of sadhus and satsang.

**Remember, you have to perform this story in front of Mom and Dad.**




Fun with Family

















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2K78uCW



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ